જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૧/૨૦૨૨   મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૯૪/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૮૮,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૯૫/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૬ કેસ કરી, ૯૪ વ્યક્તિઓને ઝડપી, ૨૭૧ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૬ બીયરટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તથા જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૧૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૯૬/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૨૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી.૯૩ મુજબ ૧૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૨૦૯૭/૨૦૨૨

**કૃષ્ણનગરઃ** જીતુભાઇ પ્રભુદયાલ ડોહરે (ઉ.વ.૨૭)(રહે.ચિત્રકુટ આવાસ યોજના મનોહરવીલા નવા નરોડા. મુળ વતનઃ રીછા મહોલ્લા બાઢ નંબર-૬ ડબોહ તા.લાર જી.ભીંડ, મધ્યપ્રદેશ) એ તા.૨૧/૧૧/૨૦૨૨ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૧/૨૦૨૨ નાં રોજ જીતુભાઇનું પેટીએમ સાઉન્ડ બોક્સ બગડતા, તેમણે યુટ્યુબ એપ્લીકેશનમાંથી પેટીએમ કંપ્લેન નંબર સર્ચ કરતા મળેલ મોબાઇલ નંબર ૮૯૨૬૩૯૦૫૩૪ ઉપર સંપર્ક કરતા જીતુભાઇને ફોન ઉપર કહેલ કે “તમારા ફોનમાં “એનીડેસ્ક” નામની એપ્લીકેશન ઇન્સ્ટોલ કરવી પડશે” ત્યારબાદ બીજા મો.નં.૯૦૬૪૧૬૭૮૩૫ તથા મો.નં.૮૩૯૧૯૩૧૨૮૬ ના ધારકે ફોન કરી “તમારા ફોનમાં એક વોટ્સએપ લીન્ક આવશે જે તમારે ક્લીક કરવી પડશે, તમારે તમારા ફોનમાં પેટીએમ યુ.પી.આઇ અને એનીડેસ્ક એપ્લીકેશન ઇન્સ્ટોલ કરવી પડશે” તેમ કહેતા જીતુભાઇએ એપ્લીકેશન ઇન્સ્ટોલ કરેલ હતી. બાદમાં ફોનમાં આવેલ ઓ.ટી.પી. માંગતા જીતુભાઇએ ઓ.ટી.પી. આપતા, તા.૧૦/૧૧/૨૦૨૨ સાંજના ૬/૪૫ થી તા.૧૪/૧૧/૨૦૨૨ ના કલાક ૧૧/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન જીતુભાઇના “યુકો બેન્ક ડબોહ બ્રાન્ચ” તા.લાહાર જી.ભીંડ રાજ્યઃમધ્યપ્રદેશના ખાતામાંથી કુલ રૂપિયા ૨,૦૦,૦૦૦/- ઉપાડી લઇ જીતુભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એમ.પટેલ ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૦૯૮/૨૦૨૨

**રામોલઃ** દિવ્યેશ જયંતિભાઇ પટેલ (ઉ.વ.૩૯)(રહે.આલોક-૪ સરદાર પટેલ રીંગ રોડ વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૧/૨૦૨૨ સાંજના ૬/૩૦ થી રાતના ૯/૩૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાલ રીંગ રોડ ઉપર આવેલ સ્કોર્ડા કંપનીના શો-રૂમ સામે સર્વિસ રોડની બાજુમાં પાર્ક કરેલ દિવ્યેશભાઇની ફોરવ્હીલર ગાડીમાંથી અજાણી વ્યક્તિ રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- તથા અગત્યના દસ્તાવેજોની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૯/૨૦૨૨**

**સરખેજ**ઃ પ્રશાંતભાઈ વસંતલાલ પટેલ (ઉ.વ.૨૮)(રહે.જીવન રેસીડેન્સી આર.એફ.કેમ્પ રોડ વસ્ત્રાલ રામોલ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૧/૨૦૨૨ સાંજના ૫/૦૦ થી તા.૨૧/૧૧/૨૦૨૨ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન સરખેજ ઉજાલા હોટલની પાછળ વ્રજધામની બાજુમાં આવેલ હનુમાનજી મંદિર પાસે આવેલ સેફવેરહાઉસ એસ્ટેટમાં આવેલ ગોડાઉન નંબર-૧ માં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, રોકડ રૂપિયા ૧૨,૦૯,૯૫૮/- સાથેની તીજોરી તથા સી.સી.ટી.વી. કેમેરાનું ડી.વી.આર. ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**ટ્રેઇનની અડફેટે આવી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૦/૨૦૨૨**

**સોલા હાઇકોર્ટ**ઃ કિશનભાઇ મથુરજી ઠાકોર (ઉ.વ.૨૫)(રહે.ગોકુલનગર અંધજન અંપગ સ્કુલ ની બાજુમાં જનતાનગર પાસે ઘાટલોડીયા) તા.૨૧/૧૧/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે સોલા થી સતાધાર તરફ જતા બ્રીજ નીચે રેલ્વે ટ્રેકના થાંભલા નંબર ૫૦૮/૧૮ થી ૫૦૮/૨૦ વચ્ચે ડાઉન લાઇન ઉપર રેલ્વેના પાટા ઓળંગતી વખતે ટ્રેઇનની અડફેટે આવી જતા કિશનભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૧/૨૦૨૨**

**નરોડા**ઃ આરતીબહેન વા/ઓ મહેશજી ઠાકોર (ઉ.વ.૨૬)(રહે.ચંદુભાઇ ભલાભાઇની ચાલી મુઠીયાગામ નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૧/૨૦૨૨ સવારના ૯/૧૫ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાની સાસરીમાં ઘરે છતની પાઈપ સાથે સુતરની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમી.શ્રી “જી” ડીવીઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી